ઇન્ટરનેટ પર વાંચવા :
http:vivekpanthi.googlepages.com/ Mail- harsha_badkar@yahoo.com

વીવેકપંથી ૭૭

તંત્રી : ગુલાબ ભેડા
કાર્યાલય : ૨-સી/૧, અસ્મીતા મોગરા, દત્ત જગદંબા માર્ગ, શેરે-પંજાબ કોલોની, અંધેરી (પુર્વ), મુંબઇ-૯૩. ફોન : ૨૮૩૮૮૮૯૧
Mail-vivekpanthi@yahoo.com

અભીનયસમ્રાટ આસારામ તો જુના ખેલાડી છે

અમદાવાદના મોટેરા આશ્રમનાં બે બાળકોનાં શંકાસ્પદ મૃત્યુ થયાં તેનો વીવાદ શમ્યો નથી, ત્યાં જ છીંદવાડા ગુરુકુળનાં બે બાળકોના અવસાને હોબાળો મચાવ્યો.

દીલ્હી ખાતેની સત્સંગ સભામાં આસારામ બાપુએ બે હાથ જોડી ધ્રુસકે ધ્રુસકે રડીને તેમની અગાઉની મીડીયા સામેની આ વાત વીસારે પાડવાનો પ્રયત્ન કર્યો. ''હત્યાનું નીમીત્ત જો કોઇ સાધક જાહેર થશે તો હું ફાંસીને માંચડે ચડી જઇશ.''

આવા અભીનયની બાપુ માટે કોઇ નવાઇ નથી. એટલું જ નહી, પણ પ્રસીદ્ધી માટે તેઓ અનેકવીધ ખેલ વર્શોથી પાડતા આવ્યા છે.

દા.ત. ૧૯૮૭ના ડીસેમ્બરમાં તેમણે 'યોગવેદાંત સેવા સમીતી' દ્વારા 'યોગયાત્રા' નામક એક પુસ્તીકા પ્રગટ કરાવી હતી. એ પુસ્તીકામાં શક્તીપાતના પ્રભાવથી સાધકોને થયેલા લાભોની અનેક અનુભવગાથાઓ આલેખવામાં આવી હતી. એટલું જ નહીં, પણ આસારામ બાપુના અનેક ચમત્કારો પણ એમાં વર્ણવવામાં આવ્યા હતા.

વીસ વર્શ પર પણ ત્રણ બાળકો પાણીમાં ડુબીને મરી ગયાં હતાં

- ફકીરભાઇ વણકર

પુસ્તકના પાના ૧૧ ઉપર માઢ-ઉંઝાના મણીલાલ પરશોત્તમદાસે લખ્યું હતું, ''હું ઉમીયાજીને માનતો હતો. ઉંઝાના ઉમીયાજી મંદીર સામે આવેલા માનસરોવરમાં નીલકંઠ મહાદેવનું મંદીર છે. હું હંમેશાં ત્યાં દર્શન કરવા જતો હતો. એક દીવસ મહાદેવના શીવલીંગમાંથી આસારામ બાપુ આળસ મરડીને ઉભા થયા અને મારી સામે હસ્યા. બોલ્યા, ''ભગવાન શીવ અને હું એક જ છીએ.''

હારીજ તાલુકાના બોરતવાડાના ચોથારામ ભગતને બાપુએ વીજળીના શોકથી બચાવ્યાની વાત ૩૭મા પાને લખાઇ છે.

અરે ! એમ.એ. થયેલાં અને ન્યુ યોર્ક-અમેરીકામાં વસતાં સરોજબેન સી. વ્યાસ લખે છે, ''હું નોકરીએ ગયેલી હતી. પણ કોઇ અકળ કારણસર ઘેરી હતાશા અનુભવતી હતી. હું શોકમાં સંપુર્ણ ગરકાવ થઇ જાઉં તે પહેલાં પુ. બાપુ પ્રગટ થયા અને મારી ગરદન પકડીને મને ઉંચી કરી. કહે, ''મારી વાતો સાંભળીને પણ તું હજી ડરપોક રહી ? ઊભી થા, અને હીંમતથી કામ લે. મારી હતાશા ઓસરી ગઇ.''

એ જ અરસામાં જોગાનુજોગ આસારામની ૪૮મી જન્મજયંતીના ઉત્સવ નીમીત્તે તા. ૨૭-૪થી ૧-૫-૮૯ સુધી વીદ્યાર્થી ધ્યાનયોગ શીબીરનું આયોજન તેમના જ આશ્રમમાં થયું હતું.

એ શીબીરમાં ભાગ લેવા આવેલા ઇડર

તાલુકાના રેવાત ગામના ત્રણ યુવકો-નામે અર્જુન ભીખાભાઇ પટેલ (ઉ.વ.૨૦), ભરત હર્ષદ પટેલ (ઉં.વ.૧૫) અને પ્રકાશ ડાહ્યાભાઇ પટેલ (ઉં.વ.૧૮) બપોરે નહાવા માટે નદીમાં પડ્યા હતા અને ઉંડા પાણીમાં ગરકાવ થઇ ગયા હતા, જેમના મૃતદેહો ફાયરબ્રીગેડે બહાર કાઢ્યા હતા.

આ સમાચાર તા. ૨૯-૪-૮૯ના 'સંદેશ'માં વાંચીને એ પ્રેસનોટ સાથે મેં આસારામ બાપુને પડકારતો પત્ર લખ્યો હતો, ''આપ છેક ન્યુયોર્કમાં પ્રગટ થઇને ભક્તોને બચાવો છો, તો તમારા જ આંગણે આ ત્રણ બાળકોને કેમ બચાવ્યા નહી ?''

જવાબ તો શાનો મળે ? પણ આ અને આવા વર્તારા આસારામ બાપુને શ્રેશ્ઠ અભીનેતા અને પ્રસીદ્ધી કાજે કોઇ પણ તીકડમ્ કરી શકતા કીમીયાગર પુરવાર કરે છે તેમાં કોઇ શંકા નથી.

×

વીજ્ઞાને જ્ઞાનપ્રકાશ માટેનાં દ્વાર ખુલ્લાં રાખ્યાં; ધર્મે વાસી દીધાં

– ખીમજી કચ્છી

આજથી સો વર્શો પહેલાં સ્વામી વીવેકાનંદે ધર્મની વૈજ્ઞાનીક ચકાસણીની વાત જાહેર સભામાં કરતાં જડવાદી ધર્મગુરુઓ ખળભળી ઉઠ્યા હતા. સ્વામી વીવેકાનંદે ધર્મની વૈજ્ઞાનીકતા જાહેર કરતાં કહ્યું હતું કે મારો પોતાનો વીશ્વાસ છે કે વીજ્ઞાનના ક્ષેત્રમાં જે સંશોધન પદ્ધતીઓના પ્રયોગો થયા છે તેને ધર્મક્ષેત્રોમાં પણ પ્રયોજવા જોઇએ. આ કાર્ય જેટલું જલદી થાય તેટલું સારું. જો કોઇ ધર્મ સંશોધનોથી ધ્વંશ થઇ જાય તો એમ સમજવું જોઇએ કે તે નીરર્થક હતો. એવો ધર્મ જે તર્ક પ્રમાણ તથા ઉપયોગીતાની દશ્ટીએ સાચો ન સાબીત થાય તેનું લુપ્ત થઇ જવું એક શ્રેશ્ઠ ઘટના હશે. આ અનુસંધાનના ફળસ્વરુપ સંપુર્ણ મેલાં ધોવાઇ જશે તથા ધર્મના ઉપયોગી અને આવશ્યક તત્ત્વો પોતાની પ્રખરતાની સાથે ઉભરી આવશે. વૈજ્ઞાનીક ચકાસણીથી ધર્મના ક્ષેત્રમાં વ્યાપેલ અંધશ્રદ્ધા જેવી બીનજરુરી વસ્તુઓ સાફ થઇ જશે. બીનજરુરી રુઢીઓ અને બીનજરુરી પ્રણાલીકાઓ દુર થઇ જશે. અંધશ્રદ્ધા, અતીશ્રદ્ધા, ભુતપ્રેત દોરાધાગા દુર થઇ જશે. આ માટે ધર્મ અને વીજ્ઞાન બન્ને મળીને પથ પ્રદર્શન કરે. વીજ્ઞાનની પહોંચ જ્યાં સુધી છે ત્યાં સુધીનું જ્ઞાન આપીને તે ધર્મનો માર્ગ પ્રશસ્ત કરે અને ધર્મનું એ દાયીત્વ બની જાય છે કે તે વૈજ્ઞાનીક પ્રાપ્તીઓની યથાર્થતા જોડીને અપુર્ણતાને દુર કરીને વીજ્ઞાનને માટે આગળ વધવામાં મદદરુપ બને.

વીજ્ઞાનની પ્રગતી એટલા માટે થઇ શકી કે તેણે નવા જ્ઞાનપ્રકાશ માટેનાં દ્વાર ખુલ્લાં રાખ્યાં અને પોતાની ભુલોને સમજવા તથા સુધારવા માટે સતત પ્રયત્નશીલ રહ્યું. જ્યારે ધર્મે પોતાનાં દ્વાર નવા પ્રકાશ માટે બંધ કરી દીધાં. પુર્વે થઇ ગયેલા રુશીઓ તથા પ્રાચીન ગ્રંથોએ જે કંઇ કહ્યું તેને અંતીમ માની લેવાયું અને એક યા બીજા પ્રકારે તે જ વાતને સાચી સાબીત

જે લોકો પૈસાને નથી પકડતા તે પૈસાદારોને પકડે છે

કરવા માટે હઠ કરવામાં આવી. અભીન્નતાના કારણે જ પ્રગતીની દોડમાં વીજ્ઞાન આગળ નીકળી ગયું અને ધર્મ પાછળ રહી ગયો. જો સંશોધન અને સુધારણાનાં દ્વાર ધર્મે ખુલ્લાં રાખ્યાં હોત તો નીઃશંક ધર્મને પણ વીજ્ઞાન જેવી જ માન્યતા મળત.

આપણા મોટા ભાગના ધાર્મીક ગુરુઓ કથની અને કરણી વચ્ચે અંતર રાખે છે. વીજ્ઞાનનો ઉપયોગ કરે અને વીજ્ઞાનને ભાંડે છે.

વાતવાતમાં તેઓ ધાર્મીક મગરુબી બતાવે છે. એટલું જ નહી, વીજ્ઞાન પ્રત્યે ઘૃણા પણ કરે છે. એવું ભાગ્યે જ કોઇ ધર્મસ્થાન હશે જ્યાં ધાર્મીક પ્રવચનોમાં વીજ્ઞાનના ભૌતીકવાદની તુચ્છતા બતાવીને તેને ભાંડવામાં ન આવતો હોય અને પોતાના ધર્મની સર્વોચ્ચતા સાબીત ન કરાતી હોય. અહીં સુધી તો ઠીક જાણે પણ પછી વીજ્ઞાનને અને ભૌતીકવાદને તુચ્છ ગણનાર પોતાના જીવનમાં ધનની લાલચ અને સુખ-સગવડો માટેની તીવ્ર ઇચ્છા રાખે છે અને બધું જ કરી છુટે છે ત્યારે કરણી અને કથનીનું મોટું અંતર દેખાવા લાગે છે. આપણા ઘણા ગુરુઓ અદ્યતન એ.સી. આશ્રમમાં રહે, એ.સી. ગાડીમાં અને એ.સી. વીમાનમાં મુસાફરી કરે. મોબાઇલ, માઇક, કોમ્પ્યુટર સોફ્ટવેર. સી.ડી. પ્લેયર, ઑટોમેટીક કૅમેરા જેવી અનેક વસ્તુઓનો ઉપયોગ કરે અને માઇક લઇને વીજ્ઞાનને ભાંડે ત્યારે રમુજ સાથે આશ્ચર્ય થાય છે. જે લોકો પૈસાને પાપ સમજીને તેનો સ્પર્શ નથી કરતા તથા ધનત્યાગી હોવાનો પ્રચાર કરે છે તેમના જીવનને જરા ધ્યાનથી જોશો તો જણાઇ આવશે કે સૌથી વધુ પૈસાની પાછળ તેઓ જ પડ્યા હોય છે.

જે પૈસાને નથી પકડતા તેઓ પૈસાદારને એવા પકડે છે કે વાત ના પુછો. ભૌતીકવાદ અને ભોગવાદનો જાહેરમાં તીરસ્કાર કરવો અને ખાનગીમાં તેનો પ્રચુર માત્રામાં ઉપયોગ કરવો એ દંભ છે. આને શુદ્ધ ધર્મ કહી શકાય નહીં, જે લોકો સ્ત્રીનાં મોઢાં નથી જોતા તે લોકો તે સીવાય બધું જ જોતા હોય છે. આવા ધર્મગુરુઓએ દંભનો આંચળો ફગાવી દઇ જાહેરમાં વીજ્ઞાનનો સ્વીકાર કરી સાચો વૈજ્ઞાનીક ધર્મ અપનાવવો હીતાવહ છે.

ભગત ઠગત હૈ જગત કો, ભગત કો ઠગત સો સંત
સંત કો જો ઠગત રહા, ઉનકા નામ મહંત

ધુપછાંવ

એક વ્યકતીનો કીસ્સો જાણવા જેવો છે. એ વ્યકતી વીસ વર્શની હતી ત્યારે ધંધામાં જબરી ખોટ ગઇ. બાવીસ વર્શનો હતો ત્યારે પહેલી ચુંટણી હારી ગયો. ચોવીસ વર્શનો થયો ત્યારે પાછો ધંધામાં ફટકો પડ્યો. છવ્વીસ વર્શનો થયો ત્યારે પત્નીનું મોત થયું. આ બધા આઘાતોથી સત્તાવીશમા વર્શે એ ડીપ્રેશનમાં સરી પડ્યો. હતાશામાંથી બહાર આવીને માંડ માંડ ગાડી પાટે ચડાવી... આ એ વ્યક્તી છે, જે બાવનમા વર્શે અમેરીકાની પ્રેસીડન્ટ બની.

હા, અમેરીકાના પ્રેસીડન્ટ અબ્રાહામ લીંકને સફળ થતાં પહેલાં ઢગલાબંધ નીશ્ફળતાઓ જોઇ હતી. રાશ્ટ્રપતી બન્યા એ પહેલાં પણ અબ્રાહામ લીંકન અમેરીકાના વાઇસ પ્રેસીડન્ટની ચુંટણી હારી ગયા હતા.

સફળ થનારા લોકોએ તેમની નીશ્ફળતાના પથ્થરોમાંથી જ સફળતાના પુલ બાંધ્યાં છે. જીંદગીમાં દરેક પ્રયત્ન સફળ થાય એવું બનતું નથી. પ્રયત્ન જ માણસને પરફેક્ટ બનાવે છે.

- કૃશ્ણકાંત ઉનડકટ

અંધશ્રદ્ધા – રોહીત કાપડીયા

એ ભગવાનમાં માનતો હતો. સોમવારે દેરાસરે, મંગળવારે ગણપતીના મંદીરે, બુધવારે રામમંદીરે, ગુરુવારે સાંઇબાબાના દર્શને, શુક્રવારે સંતોશીમાતાના મંદીરે અને રવીવારે એ ચર્ચમાં પણ જતો. એને વાસ્તુશાસ્ત્રમાં પણ એટલો જ વીશ્વાસ હતો. આખા ઘરની રચના એણે વાસ્તુશાસ્ત્ર પ્રમાણે બદલાવી હતી. ફેંગશુઇ પ્રમાણે એણે ઘરમાં અરીસા પણ લગાવ્યા હતા. ટેબલ પર લાફીંગ બુદ્ધની પ્રતીમા પણ મૂકી હતી.

એ શુકન-અપશુકનમાં પણ એટલું જ માનતો. ઘરેથી નીકળતાં પહેલાં જમણો પગ જ બહાર મુકતો. સામેથી કોઇ કુંવારીકા આવે તો જ ઘર બહાર નીકળતો. સાથે જ રહેતાં એનાં વીધવા ફોઇ એ ઘરની બહાર નીકળતો હોય ત્યારે સામે ના આવી જાય તેનું ખાસ ધ્યાન રાખતો. ભુલેચુકે જો દુધવાળો સામે ભટકાય તો પાછો ફરી જતો. એક છીંક આવે તો અપશુકન ગણાતો ને બે છીંક આવે તો શુકન માનતો. ડાબું અંગ ફરકે તો અશુભ સંકેત ગણાતો ને જમણું અંગ ફરકે તો શુભ સંકેત ગણાતો. સારા કામે જતાં પહેલાં ગોળની ગાંગડી ને દહીં અવશ્ય લેતો.

ઘરેથી બહાર નીકળતાં પહેલાં બધા જ ભગવાનની છબીને અડી લેતો. જ્યોતીશમાં પણ એને એટલી જ શ્રદ્ધા હતી. એ દરેક કાર્ય ચોઘડીયું જોઇને જ કરતો. ગુરુ અને શનીના નંગો વીંટીમાં પહેરતો. ગળામાં રુદ્રાક્ષની માળા પહેરતો અને હાથમાં મૌલવીબાબાએ આપેલું તાવીજ પહેરતો. નવના આંકડાને શુભ માનતો ને તેરના આંકડાને અશુભ માનતો.

આમ ભગવાન, વાસ્તુશાસ્ત્ર, ફેંગશુઇ, શુકન-અપશુકન, જ્યોતીશશાસ્ત્ર, અંકશાસ્ત્ર, દોરા-ધાગા ને ગ્રહોના ઘેરામાં ઘેરાયેલો એ ખુદમાંથી શ્રદ્ધા ગુમાવી બેઠો હતો. દરેક માનવીને એ શંકાની દ્રષ્ટીથી જોતો. તે દીવસે શનીવાર હતો. ઘરેથી બહાર નીકળ્યો ત્યારે લાભ ચોઘડીયું હતું. બે છીંક અને જમણી આંખ ફરકવાના શુભ સંકેત પણ થયા હતા. સામેથી નાનકડી, ભોળી ને સુંદર બાલીકા આવતાં તેના પણ શુભ શુકન થયા હતા. ગુરુ મહારાજે ગઇકાલે જ આપેલો દોરો એણે સ્નાન કરીને પહેરી લીધો હતો. બાજુના મંદીરમાં હનુમાનજીને તેલ પણ ચડાવી લીધું હતું. સ્કુટર પર તાજાં લીંબુ-મરચાં પણ બાંધી લીધાં હતાં. સુદ નોમ અને નવમી તારીખનો એ દીવસ બધી જ રીતે સુકનવંતો હતો. શીતળ વહેતા વાયરાની સાથે અત્યંત સાવધાનીપુર્વક એ મધ્યમ ગતીએ સ્કુટર ચલાવી રહ્યો હતો.

અચાનક જ પાછળથી આવતી એક ટ્રકે એને જોરદાર ટક્કર મારી. એ ફુટબૉલની જેમ હવામાં ઉછળ્યો ને સામેથી આવતા એક દુધવાળા પર પડ્યો. દુધવાળાનું દુધ ઢોળાઇ ગયું ને એ જમીન સાથે કંઇ કેટલાય ફુટ સુધી ઘસડાયો. એનો મંત્રેલો દોરો તૂટી ગયો. તાવીજ છુટી ગયું, ગ્રહોના નંગવાળી વીંટીઓ ચગદાઇ ગઇ. સ્કુટર પર બાંધેલાં લીંબુ-મરચાંનો રસ નીકળી ગયો. એને કંઇ સમજ પડે તે પહેલાં એની આંખો સમક્ષ સામેથી પુરપાટ આવતી ગાડી દેખાઇ. ગાડીની નીચે એ આવી જ જાત અને તેના રામ રમી જાત પણ એક જોરદાર બ્રેક સાથે ગાડી ઉભી રહી ગઇ. જીંદગી અને મોત વચ્ચે એક સેન્ટીમીટરનું પણ અંતર ન હતું. સખત માર વાગવા છતાં ખુલ્લી રહેલી આંખ સામે

ગાડીનો તેર નંબર દેખાતો રહ્યો. પહેલીવાર તેને તેર નંબર અપશુકનીયાળ ના લાગ્યો.

ગાડી ચલાવનાર સફેદ સાડીમાં સજ્જ વીધવા મહીલા બહાર આવી. રસ્તે ચાલનાર લોકોની મદદથી તેને હૉસ્પીટલમાં લઇ જવા ગાડીમાં સુવાડ્યો. પેલો દુધવાળો પણ ખોળામાં એનું માથું લઇ ગાડીમાં સાથે જ આવ્યો. લોહી ખુબ વહી રહ્યું હતું ને બેન શક્ય એટલી તેજ ગાડી હંકારી તેને હૉસ્પીટલમાં લઇ આવ્યાં.

હૉસ્પીટલમાં વોર્ડબોય દોડતો જઇને સ્ટ્રેચર લઇ આવ્યો. વેદનાથી કણસતી હાલતે પણ તેણે જોયું કે વોર્ડબોયે પહેલાં ડાબો પગ ઉપાડ્યો. નર્સો પણ તરત આવી ગઇ. લેશમાત્ર સુગ વગર લોહી લુંછીને તેમણે પ્રાથમીક સારવાર શરુ કરી. એટલી વારમાં ડૉકટર પણ આવી ગયા.

તપાસતાં પહેલાં જ ડૉક્ટરને છીંક આવી. તાત્કાલીક ઑપરેશનનું નીદાન થયું. લોહી બહુ વહી ગયું હોવાથી લોહી ચઢાવવાની જરુરત ઉભી થઇ. સાથે આવનાર દુધવાળાએ લોહી આપવાની ઇચ્છા વ્યક્ત કરી. બન્નેનું લોહી ગ્રુપ પણ મળતું જ આવ્યું. એક બાજુથી લોહી ચઢાવવાનું ને બીજી બાજુ ઑપરેશન કરવાનું ચાલુ થયું. અત્યાર સુધી ચકળવકળ નજરે બધું જ જોઇ રહેલી એની આંખો ઘેનના ઇન્જેક્શનની અસર હેઠળ ઘેરાવા લાગી. હકીકતથી દુર એ સ્વપ્નની સૃશ્ટીમાં સરી ગયો. જીવનનું વાસ્તવીક રુપ એને સ્વપ્નમાં દેખાવા લાગ્યું. તેર નંબરની ગાડી ચલાવતી વીધવા મહીલા એને ઉંચકીને ગાડીમાં મુકતાં રસ્તા પરના સામાન્ય લોકો, સ્ટ્રેચર સાથે દોડતો વોર્ડબોય, નીઃસ્વાર્થ સેવા કરતી નર્સ, એક ક્ષણના પણ વીલંબ વગર કામે લાગેલા ડૉક્ટર. કોઇ પણ જાતના સંબંધ વગર પોતાનું લોહી આપતો દુધવાળો. બસ, એ બધામાં જ એને માનવતા દેખાવા લાગી.

તો બીજી બાજુ તુટી ગયેલો મંત્રેલો દોરો, છુટી ગયેલું તાવીજ, ભુક્કા થઇ ગયેલી રુદ્રાક્ષની માળા, ચગદાઇ ગયેલા ગ્રહોના નંગવાળી વીંટી, લીંબુ-મરચાંનો નીકળી ગયેલો રસ એ બધામાં એને એની મુર્ખતાના પ્રદર્શન થતા લાગ્યા. ઑપરેશન પુરું થયું ને જ્યારે એ ભાનમાં આવ્યો ત્યારે તે સાવ બદલાઇ ગયો હતો. એની જીવનની પરીભાશા અને જીવન પ્રત્યેની દૃશ્ટી બદલાઇ ગઇ હતી. દોરા-ધાગા-તાવીજ-વીંટી વગર એ ગજબની હળવાશ અનુભવતો હતો. હવે એને માટે હરપળ, હરઘડી શુભ હતી. જ્યોતીશસાત્ર, અંકશાસ્ત્ર, વાસ્તુશાસ્ત્ર, ફેંગશુઇ અને ગ્રહોના ગણીત પર સમજણનાં શાસ્ત્રે વીજય મેળવ્યો. શુકન અને અપશુકનમાં માનવાને બદલે તેણે હરપળને અમુલ્ય બનાવવાનું નક્કી કર્યું.

સાજા થઇને હૉસ્પીટલમાંથી તેરમી તારીખે ઘરે જતાં એણે સામેથી એની વીધવા ફોઇને આવવાનું કહ્યું. ફોઇની આંખમાં આંસુ આવી ગયાં, એ આંસુમાં એને સૃશ્ટીદર્શન થયાં. ખુશખુશાલ ચહેરે વીદાય આપતાં વોર્ડબોય, નર્સ ને ડૉક્ટરના સ્મીતમાં એને આત્મીયતાનાં દર્શન થયાં. હવે એને માટે ધર્મ, મંદીર, દેરાસર, મસ્જીદ કે ચર્ચ પુરતો સીમીત ન હતો. હવે એને માટે એક જ ધર્મ હતો. 'માનવતા.'

પ્રેશક : **જયંતીલાલ શાહ**

('જન્મભૂમી પ્રવાસી, તા. ૧૩-૩-૦૮')

અને એનું જીવન પલ્ટાઇ ગયું

રેશનાલીઝમમાં યુવાનોને સાથે લેવાની જરુર છે - ભગવાનજી રૈયાણી

''જનહીતની ૮૪ અરજીઓ મેં કરી છે. કેટલીકમાં જીત્યો પણ છું, પરંતુ હારું છું ત્યારે હું નાસીપાસ થતો નથી. ઘડી-બેઘડી મન પર અસર થાય, પણ તરત જ નવી અરજી તૈયાર કરવામાં લાગી જાઉં છું. રેશનાલીઝમની જ્યોત ઘણી વધુ પ્રજ્વલીત કરવાની જરુર છે. ધોળાં માથાંવાળાની સંખ્યા એમાં સવીશેશ દેખાય છે તેના સ્થાને કાળાં માથાંવાળા યુવાનોને વધુ સાંકળવાની જરુર છે.'' આ શબ્દો હતા તા. ૧૭મીના વીવેકપંથી જુથના ૫૦મા મીત્રમીલનના વક્તા ભગવાનજી રૈયાણીના. આગળ ચાલતાં તેમણે કહ્યું હતું, ''આપણા ગૃહસ્થાશ્રમમાં ચાર આશ્રમો વર્ણાવાયા છે તેમાં ચોથો આશ્રમ વાનપ્રસ્થાશ્રમ આવે છે તે આશ્રમ સાથે રેશનાલીઝમને જોડી દેવું જોઇએ. નીવૃત્ત થયા પછી ધર્મગ્રંથોનાં વાંચન, દેવદર્શન અને તીર્થયાત્રામાં પ્રવૃત્ત થઇ જઇએ છીએ તેના બદલે તેવી નીરર્થક બાબતોમાંથી નીકળીને રેશનાલીઝમ સમજવામાં જોડાઇ જવું જોઇએ. હું ૭૦નો થયો છું. વ્યક્તીગત આયોજન જે કંઇ છે તેનો વીનીયોગ સમાજાર્થે કરવાનું વીચાર્યું છે અને એ દીશામાં જ ગતી ચાલુ છે. રેશનાલીઝમ અને હ્યુમેનીઝમ-વીવેકબુદ્ધીવાદ અને માનવવાદ એક જ સીક્કાની બે બાજુ છે.'' એમણે પોતાનાં બે સપનાંઓની કલ્પના રજુ કરી હતી. સાથે જ કહ્યું હતું કે આપણું ભારતીય બંધારણ બીનસાંપ્રદાયીક છે.

પ્રારંભે સંયોજક દામજી સાવલાએ સૌને આવકાર્યા બાદ સભાસંચાલન સંભાળતાં ગુલાબ ભેડાએ પ્રથમ ઉપસ્થીતોનો સંક્ષેપ પરીચય કરાવ્યા બાદ વક્તા તરીકે ભગવાનજી રૈયાણીનો સવીસ્તર પરીચય આપ્યો હતો.

એક વીશીશ્ઠ આકર્શણ તરીકે પરીણીત યુવતી શ્રીમતી જાન્વીકા ખીચડીયાએ જુનાં અને કર્ણમધુર ફીલ્મી ગીતોની તાલબદ્ધ પ્રસ્તુતી વડે શ્રોતાઓને ડોલાવી દીધા હતા. પુર્વ આયોજન પ્રમાણે આ મીત્રમીલનને ૫૦મા મીત્રમીલન તરીકે ગીતસંગીત-વાદ્યવૃન્દ સાથે રમુજરંગી બનાવવાનું આયોજન હતું અને જાહેરાત પણ એ પ્રમાણેની જ થઇ હતી, પરંતુ સભાસ્થળ-માટુંગા બોર્ડીંગના નીયમોને અનુલક્ષીને તેમાં ફેરફાર કરવો પડ્યો હતો અને એ અનીવાર્ય ફેરફારની કસર બહેન જાનવીકાએ પુરી કરી હતી. વક્તા સાથેની પ્રશ્નોત્તરીમાં પણ બુધ્ધીગમ્ય પ્રશ્ન દ્વારા જાન્વીકાએ તરુણ પેઢીનું પ્રતીનીધીત્વ કર્યું હતું.

અન્ય રોકાણના કારણે વક્તા ભગવાજી રૈયાણીએ વહેલા જવું પડે તેમ હતું તેથી તેમનાં પ્રવચનનો સાભાર ઉપસંહાર સંયોજક દામજી સાવલાએ કર્યો હતો. ગોઠવણ એ રીતની હતી કે વક્તાની વીદાય બાદ પણ એકાદ કલાક મનોરંજનની મહેફીલ જમાવવી. પરંતુ સંચાલનની ખામીને કારણે એ શક્ય થઇ શક્યું નહોતું અને વક્તાની વીદાય સાથે જ સભાનું અણધાર્યું વીસર્જન થઇ ગયું હતું.

પ્રવચન બાદ આબીદ લાખાણીના હસ્તક્ષેપથી ગીત-સંગીતના બદલે સભા ઉપયોગી ચર્ચા તરફ વળી હતી, જેમાં રેશનાલીઝમનો પ્રચાર વધારવાના ઉપાય વીચારાયા હતા. ભગવાનજી રૈયાણીએ સુચવ્યું હતું કે અંધશ્રદ્ધા નીર્મુલન કાયદો પસાર કરવા માટે સરકાર પર દબાણ લાવવા આપણે પ્રતીક ઉપવાસ કરવા જોઇએ- જો થાય તો એમાં પહેલું નામ મારું લખજો.

રાબેતા મુજબ અલ્પાહાર સાથે આ મીત્રમીલનનું ઉમદા આતીથ્ય સંયોજક દામજી સાવલાએ કર્યું હતું.

રાષ્ટ્રીય માનવઅધીકાર પંચની સીલીકોસીસ મુદ્દે જાહેર સુનાવણી

૧ મેને દીવસે રાષ્ટ્રીય માનવઅધીકાર પંચે, દીલ્હી ખાતેના પોતાના કાર્યાલયમાં સીલીકોસીસ મુદ્દે જાહેર સુનાવણી રાખી. આ સુનાવણીમાં સંસ્થા વતી 'સલામતી'ના સંપાદક જગદીશ પટેલ, જયેશ પરમાર અને રમેશ મકવાણાએ હાજરી આપી. સુનાવણી દરમીયાન જગદીશ પટેલે મૌખીક અને લેખીત રજુઆત પંચ સમક્ષ કરી. પંચના અધ્યક્ષના સવાલોના જવાબ આપ્યા. સુનાવણીમાં ઝારખંડના કાર્યકર કાર અને દીલ્હીના કાર્યકર આઝાદ વતી તેમના વકીલોએ પણ રજુઆત કરી. ગુજરાત રાજ્ય તરફથી કોઇ પ્રતીનીધી હાજર ન હતા. સુનાવણી બાદ ઇ.એસ.આઇ. કો. અંગે પંચ સમક્ષ આપણે કરેલી મૌખીક રજુઆત સંદર્ભે ચર્ચા કરી અને અનુકુળતાએ પોતાને મળવા આવવા નીમંત્રણ આપ્યું.

તા. ૧૦ જુનને દીવસે પંચે ફરીથી સુનાવણી રાખી, જેમાં જગદીશ પટેલે ભાગ લીધો. પંચ સમક્ષ સીલીકોસીસ અંગે હાલ ૫ ફરીયાદો નીકાલ માટે પડેલી છે. હવે પંચ તમામ ફરીયાદીઓને વારાફરતી બોલાવી સાંભળશે. પંચે કરેલી જાહેરાત મુજબ સુપ્રીમ કોર્ટ સમક્ષ સુનાવણી માટે રજુ થયેલ 'પ્રસાર' સંસ્થાની અરજીમાં હવે પંચ પણ જોડાશે.

['સલામતી' અંક ૯૪ જુન ૦૮માંથી]

શ્રમીકોની સલામતી માટે સદા ચીંતીત રહેતા એક જ 'ઇ' 'ઉ'ની સુધારેલી જોડણીમાં પ્રગટ થતા આ માસીકનું લવાજમ રુ. ૫૦ અથવા આર્થીક પ્રોત્સાહન મોકલવા માટેનું સરનામું : ૪૩, શ્રીનાથધામ ડુપ્લેક્સ, દીનેશ મીલ-ઉર્મી રોડ, વડોદરા ૩૯૦૦૦૭. ફોન : ૨૩૪૫૫૭૬. મો. : ૯૪૨૬૪૮૬૮૫૫.

'માનવતા-સમાનતા''

ના મેં હીન્દુ હું, ના મેં મુસ્લીમ હું
ના મેં ક્રીશ્ચીયન હું, ના મેં શીખ હું
ના મેં પારસી હું, ના મેં જૈન હું
ના મેં બુદ્ધીસ્ટ હું, ના મેં દેવ હું
ના મેં દાનવ હું, મેં તો એક માનવ હું

આટલો ત્યાગ કરશો ?

દયાહીન ધર્મ, વીદ્યાહીન ગુરુ

અને ક્રોધી, સ્વાર્થી અને સ્નેહ વગરના સ્વજનોને ત્યજી દેવા જ યોગ્ય છે, કારણ કે તેમના આશ્રયમાં ક્યારેય સુખ મળતું નથી અને આપણો વીકાસ પણ થતો નથી.

– **વીરાભાઇ પરમાર**-અમદાવાદ

વાર્શીક રુ. ૧૨૦૦ આપી વીવેકપંથી ના હાથ મજબુત કરી
રેશનાલીઝમના પ્રચારમાં બળ પુરો

આ વર્શનું ત્રીજું નામ : **વીનેશ મામણીયા** : મો. ૯૮ ૨૦ ૯૫ ૨૮ ૬૫

યાદ રાખો, **રેશનાલીઝમ માનવીય સુખની ગુરુચાવી છે**

તમારું વાર્શીક રુ. ૧૨૦૦નું સ્વૈચ્છીક યોગદાન સુખના દરવાજા ખોલનારું બની રહેશે.
આજે જ '**VIVEKPANTHI**'ના નામનો ચેક લખી મોકલો. સરનામું પહેલા અને છેલ્લા પાને.

માનવતાવાદ અને માનવવાદ વચ્ચે મુળભુત તફાવતો છે

- ધવલ મહેતા

માનવવાદી ધાર્મીકતા સામે લઢે છે, જ્યારે માનવતાવાદી ધાર્મીક પણ હોઇ શકે છે

માનવ સમાજમાં વીચારસરણીઓ (આઇડીઓલૉજીઝ)નો ઉદય લગભગ ફ્રેંચ ક્રાંતી (૧૭૮૯)થી શરુ થયો તેમ ગણી શકાય. તે પહેલાં ધાર્મીક વીચારોનું રાજ હતું. કોઇ પણ વીચારસરણી સમાજને ધરમુળથી બદલવા માગે છે. તેનો હેતુ રાજકીય, સામાજીક અને આર્થીક ક્રાંતીનો (અથવા ફેરફારનો) હોય છે. મુડીવાદ, સમાજવાદ, લોકશાહી, સમાજવ્યવસ્થા-બધાને આપણે ક્રાંતીકારી વીચારસરણીઓ ગણી શકીએ. બંધીયાર સામંતશાહીની સરખામણીએ મુડીવાદ ક્રાંતીકારી હતો.

માનવવાદ (હ્યુમેનીઝમ)

માર્કસવાદ સમાજ પરીવર્તન માટેની ક્રાંતીકારી વીચારસરણી હતી. તે કાર્લ માર્કસનાં લખાણોમાં વ્યક્ત થઇ હતી. કાર્લ માર્ક્સને શોશીત માનવો માટે અપાર કરુણા હતી, પરંતુ માનવવાદ સહકારી (કૉ-ઑપરેટીવ) ઉત્પાદન અને વીતરણમાં માને છે અને સંસદીય લોકશાહીને બદલે કે સરમુખત્યારીને બદલે પ્રત્યક્ષ લોકશાહીમાં માને છે. માર્ક્સવાદની જેમ તે ધર્મની વીરુદ્ધ છે અને તેના મુળભુત પાયામાં રેશનીઝમ છે. તે વીચાર અને વાણી સ્વાતંત્ર્ય તથા માનવ-માનવ વચ્ચેની સમજદારીમાં માને છે. મુડીવાદ, બજારવાદ અને અતીકેન્દ્રીત થયેલો સામ્યવાદી સરમુખત્યારશાહીનો ઘોર વીરોધ કરે છે. તે માનવજીવનનો પુર્ણ રીતે વીકાસ થાય તેમ માનતો હોવાથી કરકસરયુક્ત સાદું અને સંયમભર્યું જીવન સ્વદેશી અને સ્વાભીમાન આજીવન પ્રભુભક્તી માટે મળ્યું છે. જરુરીયાતો ઓછી કરો વગેરે ગાંધીવાદી મુલ્યોનો વીરોધ કરે છે. તે સ્વાવલંબી નહીં, પરંતુ અન્ય દેશો અને સરકાર દ્વારા પરસ્પરાવલંબન (ઇન્ટરડીપેન્ડન્ટ)માં માને છે. તે ગાંધીવાદી સાદા જીવનને નહીં અને ભોગપરાયણ જીવનને પણ નહી, પરંતુ સુખસવલતભર્યા જીવનને આદર્શ માને છે. તે ગાંધીવાદી બ્રહ્મચર્યના ખ્યાલને હાસ્યાસ્પદ ગણે છે. તે દુનીયાના દરેક ધર્મ અને સંપ્રદાયોનો ઘોર વીરોધ કરે છે. તે ધાર્મીક સત્યની નહી, પણ વૈજ્ઞાનીક સત્યની ખેવના કરે છે. તે આધુનીક ટેક્નૉલૉજીનો સ્વીકાર કરે છે, જેનાથી ગરીબી દુર થઇ શકશે. વળી વીજ્ઞાનને તે રેશનાલીસ્ટ ચીંતનનું ચરમબીન્દુ માને છે. તે અંધશ્રદ્ધા તેમજ ધાર્મીક માન્યતાઓ સામે સતત લઢે છે અને તે માત્ર રેશનલ વ્યકતી નહી, પરંતુ રેશનલ સમાજ સ્થાપવા માગે છે.

> દુ:ખી માણસને દુ:ખમુક્ત, એટલે કે સુખી કરવો એ માનવતાવાદ અને માણસ દુ:ખી થાય જ નહીં, તેવી સમાજરચના કરવી એ માનવવાદ.
>
> - **સુર્યકાન્ત શાહ** (તંત્રી : 'સત્યાન્વેશણ')

રેશનલ સમાજ એટલે ન્યાયી સમાજ, જેમાં કોઇનું શોશણ ના થાય. આવા સમાજની સ્થાપના માટે તે વૈચારીક ક્રાંતીને અને શીક્ષણ દ્વારા વીચારના ફેલાવાને પ્રાધાન્ય આપે છે. આ એક અત્યંત ધીમી પ્રક્રીયા છે તે તેની મર્યાદા છે.

માનવવાદી વીચારસરણી વર્ગવીગ્રહમાં કે હીંસામાં માનતી નથી, પરંતુ વીચારના ફેલાવા દ્વારા ફેરફાર લાવવા માંગે છે. તેઓ પુર્વજન્મ કે પુનર્જન્મમાં માનતા નહીં હોવાથી આ જન્મને જ શ્રેશ્ઠ બનાવવા માંગે છે. શ્રેશ્ઠ જીવન એટલે પ્રભુપરાયણ જીવન નહી, પરંતુ પોતાની શક્તીઓનો વીકાસ.

માનવતાવાદ (હ્યુમેનીટેરીઅમીઝન)

દરેક સામાન્ય માનવીમાં બીજાનું દુ:ખ જોઇ તેને મદદ કરવાની ઇચ્છા થાય છે. કોઇ પીડીત કે રોગી કે આતંકીત વ્યક્તીને જોઇને આપણને તેને માટે કંઇક મદદ કરવાનું મન થાય છે. માનવતાવાદી દયાળુ હોય છે. પરંતુ માનવની પરોપકારી વૃત્તીના મુળ માનવ ઉત્ક્રાંતીમાં રહેલા છે, ધર્મમાં નહીં. માનવતાવાદી વ્યક્તી પાંજરાપોળમાં ભુખી ગાયોને, કીડીઓ કે કુતરાને, ભુખ્યાં જનોને, ગરીબ જ્ઞાતીજનોને મદદ કરે છે. આ તેની માનવતા છે, પરંતુ તેના મનમાં શોશણખોર સમાજવ્યવસ્થા, અર્થવ્યવસ્થા બદલવાના વીચારો આવતા નથી. ધર્મોએ માનવીની પરોપકારીતા (જે માનવજાતમાં ધર્મનો ઉદય થયો તે પહેલાંની છે)ને પોતાને અંકે કરી લીધી છે તેથી ઘણા માનવતાવાદીઓ ધાર્મીક હોય છે અને 'કર ભલા, હોગા ભલા'માં માને છે. માનવતાવાદીઓ ચાલુ સમાજને સંપુર્ણ સ્વીકારી લે છે. તેઓ સમાજ પરીવર્તનમાં માનતા નથી. તેઓ યથાસ્થીતીવાદી હોય છે અને ભુખ્યાને રોટલો નાખીને આત્મસંતોશ અનુભવે છે.

ગાંધી આજે હોત તો રેશનાલીઝમના પુરસ્કર્તા હોત ? (૪)

- પ્રા. હર્શા બાડકર

વડીલો અને મીત્રો સમક્ષ સ્પશ્ટ થવાની મને જરુર લાગે છે. મારો અભીગમ ગાંધીને રેશનાલીસ્ટ તરીકે પ્રસ્થાપીત કરવાનો નથી જ. મારો તો પ્રશ્ન છે કે શું ગાંધી આજે હોત તો રેશનાલીઝમના પુરસ્કર્તા હોત ? જોકે, હું માનું છું કે હોત. અને મારી માન્યતા છેક નીરાધાર પણ નથી. છતાં ચર્ચાના અંતે જે નીર્ણય આવે તે ખરો.

એક વાત એ પણ ધ્યાનમાં લેવા જેવી છે કે ગાંધી ઘટના ૬ દાયકા પુર્વેની ઘટના છે અને એના સંદર્ભો પણ એ સમયના જ મળે છે.

વૈચારીક પરીવર્તન ગાંધી માટે સહજ હતું એ તો કોણ નથી જાણતું ? એમને જ્યારે પુછવામાં આવે છે કે 'તમાારા સમયાંતરે પ્રગટ થયેલા બે વીચારોમાં વીરોધાભાસ જણાય ત્યારે અમારે કયો વીચાર માનવો ?' ગાંધીનો ત્યારનો

જવાબ આપણે જાણીએ છીએ. 'મેં જે છેલ્લે કહ્યું હોય તેને પ્રમાણ માનવું' આ એમની વૈચારીકતા.

એ ઇશ્વરને સત્ય માનતા અને ગોરા સાથેના પત્રવ્યવહારથી સત્યને જ ઇશ્વર માનતા થયા. આવા તો અનેક પુરાવા એમના વીચારપરીવર્તનના મળી શકે છે.

અને તેથી જ રેશનાલીઝમ પર વીચાર પ્રેરાયો હોત તો ગાંધી રેશનાલીઝમના પુરસ્કર્તા પણ બની શક્યા હોત તેમ માનવાનું મને તો મન થાય. આજે છે તેવો રેશનાલીઝમનો પ્રચાર કદાચ ગાંધીના સમયમાં નહીં હોય, જો હોત તો તેની સાત્ત્વીકતાએ ગાંધીને જરુર આકર્ષ્યા હોત એમ પણ હું માનું છું.

આજના પ્રખર અભ્યાસી રેશનાલીસ્ટોએ પુખ્ત વીચારપુર્વક તૈયાર કરેલા દશા-દીશા દસ્તાવેજમાં રેશનાલીસ્ટનાં ૩૦ લક્ષણો આલેખવામાં આવ્યાં છે. આ ત્રીસમાંથી વીસ લક્ષણો ગાંધી સાથે મને સુસંગત લાગ્યાં છે.

ચાલો, આપણે સરખામણી કરીએ. જે ક્રમ દસ્તાવેજમાં છે, તે જ હું જાળવીશ. જે વાત ગાંધી સાથે સુસંગત નથી તે છોડી દીધી છે. પ્રથમ હું રેશનાલીસ્ટનું લક્ષણ કહીશ અને પછી ગાંધી સાથે તેની સરખામણી.

૧. ધાર્મીક ના હોય-કર્મકાંડ ના કરે : ગાંધીની ધાર્મીકતા અંધ નહોતી, કર્મકાંડ મુદ્દલ નહોતા કરતા. એમની પ્રાર્થના પણ સંગઠન અને લોકજાગૃતીનો શુદ્ધ ઉદ્દેશ ધરાવતી હતી.

૨. શુભાશુભ કે શુકન-અપશુકન ના માને : ગાંધી પણ નહોતા માનતા.

૫. તર્ક, અનુભવ અને પ્રયોગથી સીધ્ધ થતું હોય તે જ માને : ગાંધી જબરા પ્રયોગવીર તરીકે પંકાયા છે. એમનું જીવન જ મોટી પ્રયોગશાળા હતું.

૬. રેશનાલીટી જેનો સ્વીકાર ન કરે તેવું ના માને : રેશનાલીટી એટલે વીચારશક્તી-ગાંધી વીચારાગ્રહી હતા જ.

૭. ઇશ્વરના અસ્તીત્વનો ઇન્કાર : અલબત્ત, ગાંધી ઇશ્વરપરાયણ જણાયા હતા, પણ એમનો ઇશ્વર વ્યક્તી સ્વરુપે નહોતો. ઉપર કહ્યું તેમ સત્યને ઇશ્વર માનતા થયા હતા અને એમાં લોકલાગણી જાળવવાનું એક રહસ્ય પણ હતું.

૮. સંશય સેવે અને સંશોધન સતત કરતો રહે : જીવનના અંત સુધી ગાંધી સંશોધન કરતા રહ્યા. સંશય સંશોધનની માતા છે.

૯. સંપુર્ણ વાસ્તવવાદી હોય, વાસ્તવીક ના લાગે તે ના માને : ગાંધીનું પણ એમ જ.

૧૦. માનવમુલ્યોનો આદર કરે : ગાંધીએ પણ એ જ કર્યું.

૧૬. સદાય આશાવાદી : ગાંધી પણ રહ્યા જ.

૧૭. વૈચારીક સ્પશ્ટતા ધરાવતો હોય : ગાંધીના વીચારો સ્પશ્ટ હતા.

૧૮. ગુરુવાદમાં ના માને : ગુરુને ગાંધી જરુરત જેટલું માને, પણ ગુરુવાદને મુદ્દલ નહી.

૧૯. વ્યક્તીને નહી, વીચારને પ્રાધાન્ય આપે : ગાંધી પણ એમ જ કરતા.

(અનુસંધાન પાનું ૧૩)

વીવેકપંથી ૭૭

તંત્રીની કલમે

શ્રદ્ધા તો હતી જ ક્યાં ?

ઉમટી પડવાની આદતનું જ પરીણામ....

તા. ૪થી ઑગસ્ટને સોમવારનું છાપું હાથમાં લેતાં જ મીઠી ચા ખારી થઇ ગઇ હતી. પહેલા પાનાનું મથાળું હતું, **'નૈનાદેવી મંદીરમાં ધક્કામુક્કીથી ૧૫૫નાં મોત'** અને અહેવાલનો સાર હતોઃ હીમાચલ પ્રદેશના ચાર હજાર મીટરથી પણ ઉંચા પહાડના શીખર ઉપર આવેલા નૈનાદેવીના દર્શને પચાસ હજાર લોકોની ભીડ જામી હતી. પુરાણકથા પ્રમાણે દક્ષરાજાની પુત્રી પાર્વતીએ અપમાનીત થઇને મૃત્યુ વહાલું કર્યું ત્યારે એનાં નાનાં નાનાં અંગ જ્યાં પડ્યાં ત્યાં શકતીપીઠો રચાતી આવી. આ કીસ્સામાં જ્યાં સતીની આંખ પડી ત્યાં નૈનાદેવીનું તીર્થ ખડું થયું.

મીત્રો, અહીં એ માન્યતાની ચીરફાડ (પોસ્ટમોર્ટમ) કરીને એમ નહીં પુછતા કે એ અંગો ઠેકઠેકાણે વેરવા માટે પાર્વતીના દેહનું વીભાજન કઇ વ્યવસ્થા હેઠળ કોણે કર્યું ? કારણ કે એવું કરવા બેસીએ તો ક્યાંય પાર આવે નહીં, તેવી અને તેટલી ગેરમાન્યતાઓ પ્રચલીત છે. આપણે તો એ દુર્ઘટનામાં જે દોઢસો-બસો મોંઘા માનવદેહ મૃતદેહો બનીને વેરાયા, તેની જ વાત કરવી છે.

વાત એમ બની હતી કે તા. ૩જીની સવારના પોણાદસના સુમારે 'ભેખડો ધસી પડી છે, પહાડ પરથી પથ્થરો ગબડી રહ્યા છે' એવી અફવાએ જોર પકડતાં જીવ બચાવવા લોકોમાં ભાગદોડ મચી ગઇ હતી, જે ભાગદોડમાં શ્રદ્ધાળુઓ અડફેટે ચડવા માંડ્યા હતા. ભાગદોડમાં છુટાં પડી ગયેલાં બાળકો ચીસાચીસ કરવા માંડયાં હતાં. રેલીંગો તુટવા માંડી હતી અને લોકો ખાઇમાં પટકાવા માંડ્યા હતા. ઘણા ચગદાઇ ગયાં હતાં. બનાવ સંબંધે સરકારે તપાસના આદેશ આપ્યા હતા.

જો કે, આ હૃદયદ્રાવક ઘટના વાંચીને હૃદય દ્રવી ઉઠે-આંસુનાં બે ટીપાં અનાયાસે જ ખરી પડે એ સ્વાભાવીક હોવા છતાં આપણે અહીં સમાચારમાંહેના છેલ્લા વાક્યની ચર્ચા કરીએ. 'સરકારે તપાસના આદેશ આપ્યા હતા.'

સરકારી કે બીનસરકારી તપાસપંચ શું અને શાની તપાસ કરશે ? બસ, રાબેતા મુજબ જ : ભીડને અનુલક્ષીને પોલીસ બંદોબસ્ત બરાબર થયો હતો કે કેમ ? જાહેર સ્થળ પર આવશ્યક તેવી સુરક્ષા વ્યવસ્થા હતી કે કેમ ? અફવા ફેલાવવા માટે જવાબદાર કોણ ? રેલીંગો તુટવાનાં કારણ શું ? વગેરે વગેરે.

આમાં તપાસનો જે મુળ મુદ્દો છે તેની તપાસ થશે જ નહીં. તપાસમાં રાબેતો જળવાશે, દીવસો અને મહીનાઓ પસાર થતાં વાત વીસારે પડશે અને આવતા વર્શે આપણે વાંચીશું કે પચાસ હજારના સ્થાને પોણો કરોડ યાત્રાળુઓ ઉમટી પડ્યા. તપાસનો મુળ મુદ્દો હોવો જોઈએ અકારણ ઉમટી પડવાની લોકોની આદતનો,

કે જેની તપાસ કોઇ ક્યારેય કરતું નથી. અહીં ભાવીકોનો રેડીમેડ જવાબ આવી પડશે, 'ભાઇ, આ તો શ્રદ્ધાનો વીશય છે. બુદ્ધીની હદ જ્યાં પુરી થાય છે ત્યાંથી જ શ્રદ્ધાની હદ શરુ થાય છે.' ધુળ ને ઢેફાં !

આ દાખલામાં તો બુદ્ધીનો જેમ કોઇ પુરાવો મળતો નથી તેમ શ્રદ્ધા પણ ક્યાં સાબીત થાય છે ? જો શ્રદ્ધા હોત તો શ્રદ્ધાળુઓ વીચલીત થયા જ ના હોત ! 'ભેખડ ધસી પડે કે આખેઆખો પર્વત હલબલી જાય, આપણને ઉની આંચ આવવાની નથી. આપણે તો માતાજીના શરણમાં આવ્યા છીએ, સાક્ષાત્ નૈનાદેવીનાં આપણને રખોપાં છે, આપણને વળી ભય શાનો ?' રાખી આવી શ્રદ્ધા કોઇ યાત્રાળુએ ? જી ના : અરે ભાગી છુટનારાઓ પૈકી કોઇ નૈનાદેવીના મંદીરમાં શરણ શોધવા પણ ના ગયા, ભાગ્યા સૌ જીવ બચાવવા બેબાકળા બનીને વીરુદ્ધ દીશામાં - માતાજીનું શું થશે તેનો પણ વીચાર કર્યા વીના. આમ શ્રદ્ધાનું તો ત્યાં નામોનીશાન પણ નહોતું. **જે ભીડ હતી તે અકારણ ઉમટી પડવાની લોકોની આદતના કારણે જ હતી.** અહીં જ શા માટે ? જ્યાં પણ અકડેઠઠ્ઠ ગીરદી જામે છે અથવા લાં...બી લાંબી લાઇનો લાગે છે, તે શ્રદ્ધાના ઓઠા નીચે પોશાતી લોકોની ઉમટી પડવાની આદતના કારણે જ, અને એ આદત એવી જડ ઘાલી ગઇ છે કે ગમે તેવા વરવા અનુભવો પછી પણ છુટી શકતી નથી. લોકોએ જાણે કે વીચારશક્તી જ ગુમાવી દીધી છે. આની પુશ્ટી કરે છે તા. ૧૬મીના આ સમાચાર : માહીમ ખાતેની મુસ્લીમોની મકદુમ શાહ દરગાહ પાસેના સમુદ્રનું પાણી મીઠું થયું હોવાની વાત ફેલાઇ અને હજારો લોકો ઉમટી પડ્યા.

વળી, સરકાર એમાં શું કરી શકે તેવો તો પ્રશ્ન પણ અસ્થાને છે-કારણ ? સરકારી તંત્રો (મંત્રીઓ અને અધીકારીઓ) પોતે જ મોટા ભાગે ધર્મની બાબતમાં અનાડી અને અંધશ્રદ્ધાળુ હોય છે. જો એમ ના હોય તો સરકાર ચોક્કસપણે સંભવીત દુર્ઘટનાઓ સામે કારગત ઉપોયો યોજી શકે.

શું કરી શકે સરકાર ? આપણે નૈનાદેવીની જ વાત કરીએ તો જોખમી શીખર પરથી તળેટીના કોઇ સુરક્ષીત સ્થળે એની વીધીવત્ પુનર્પ્રતીશ્ઠા સરકાર કરાવી શકે. જો ધારે તો બીનસાંપ્રદાયીક સરકાર અકારણ ઉમટી પડવાની ભોળા લોકોની આદત સામે લાલ આંખ પણ કરી શકે. સરકાર ધાર્મીક બાબતોને પ્રોત્સાહન તો ન જ આપે. અંધશ્રદ્ધાનાં પડળ ભેદવા માટે જરુરી શીક્ષણ પણ આપી શકે. પર વો દીન કહાં.....?

મુદ્દે વાત એટલી કે 'શ્રદ્ધા' એક ઠગારો શબ્દ છે. એ હોય નહીં છતાં દેખાય છે અને ભોળો જન પોતાને શ્રદ્ધાળુ માનીને ઠગાય છે, છેતરાય છે, ખુવાર થાય છે અને જીવથી પણ જાય છે.

ટુંકમાં નૈનાદેવીમાં ઘટી તેવી દુર્ઘટનાઓ શ્રદ્ધાને કારણે નહી, પણ અકારણ ઉમટી પડવાની લોકોની આદતના કારણે જ ઘટતી હોય છે.

(પાનાં ૧૦થી ચાલુ)

૨૦. વીજ્ઞાન અને ટેક્નૉલૉજી સમજવા સદા ઉત્સુક : ટેક્નૉલૉજી ત્યારે મર્યાદીત હતી, ગાંધીનો વૈજ્ઞાનીક દૃશ્ટીકોણ સર્વત્ર સ્વીકાર્ય હતો.

૨૨. પોતાની પુર્વધારણાઓ પણ ચકાસતો રહે : ગાંધી આ સતત કરતા રહ્યા. એમની વૈચારીક પરીવર્તનશીલતાનાં અનેક પ્રમાણો મળી શકે છે.

૨૩. ભૌતીકવાદી-વાસ્તવવાદી હોય : ગાંધી ભૌતીકવાદી નહોતા, પણ પુરા વાસ્તવવાદી તો હતા જ.

૨૪. સર્વ ધર્મ સમભાવી હોય : સર્વ ધર્મ સમભાવ અર્થે જીવનભર ઝઝુમ્યા.

૨૭. રેશનલ પદ્ધતીએ તારવેલાં તથ્યો અને આચરણ વચ્ચે સુસંગતતા : ગાંધીના આચાર-વીચાર સુસંગત રહેતા.

૨૮. પરંપરાગત પ્રથાઓની વૈજ્ઞાનીક ઢબે ચકાસણી અને માનવગૌરવ, માનવીય સ્વતંત્રતા, સમાનતા અને હાનીકારક પ્રથાઓનો ત્યાગ : અસલ ગાંધીનાં જ લક્ષણ.

૨૯. વહેમ અને અંધશ્રદ્ધા આધારીત માન્યતા અને આચરણાનો વીરોધ : ગાંધીએ એ જ કર્યું.

૩૦. રુઢીગત આદેશોનું વૈજ્ઞાનીક-માનવીય દૃશ્ટીએ મુલ્યાંકન કરી સ્વીકાર કે ઇન્કાર : ગાંધીની માનવીય દૃશ્ટી દૃશ્ટાંતરુપ હતી.

નાના મોઢે મોટી વાત લાગે તો માફ કરજો, પણ આ સરખામણી દ્વારા ગાંધી રેશનાલીઝમની કેટલી નજીક હતા એ દર્શાવવાનો જ મારો પ્રયાસ છે.

વળી, તમામે તમામ રેશનાલીસ્ટોમાં દશા-દીશામાં ઠરાવેલાં ત્રીસેત્રીસ લક્ષણ હોય જ એવું પણ કેમ માની શકાય ? વીચારભીન્નતા તો માણસનો સ્વભાવ છે અને ગાંધી પણ અંતે તો માણસ જ હતા.

અંતે મારે નમ્રતાપુર્વક કહેવું છે કે રેશનાલીઝમને સીમીત રાખવાને બદલે જો આપણે એનો વ્યાપ વધારવો હશે તો જે કોઇ ક્ષેત્રમાં કે જે કોઇ વ્યક્તીવીશેશમાં રેશનાલીઝમને સુસંગત વીચારો દેખાય તેના પર સર્ચલાઇટ માંડવી પડશે. જેના પણ વચનો કે કથનોમાં રેશનાલીઝમનો અણસાર વર્તાતો હોય તેનાં તેવાં વચનો કે કથનો તેમના નામે જ મુકવાથી આપણો ઉદ્દેશ વધુ પુશ્ટ બને છે. હઠાગ્રહ રેશનાલીસ્ટનું લક્ષણ હોઇ ના શકે.

કોણ, કેમ અને શું ?

- ઇન્દીરાજી મશીનગનથી, રાજીવ ગાંધી માનવબૉમ્બથી, જ્યારે ગાંધીજી ફક્ત ત્રણ ગોળીથી 'શહીદ' થયા કારણ ? કરકસરીયો સ્વભાવ !

- જીવનમાં સુખી થવા શું કરવું ?

ઉનાળામાં ગરમીના ઝાડાથી, મુંબઇના ફ્લૅટોના ભાડાંથી. પગારની તારીખે ઉઘરાણીવાળાના ધાડાથી, અમદાવાદના ખાડાથી અને કૌભાંડોના ભવાડાથી દુર રહેવું.

- ગાંધીજીના ત્રણ વાંદરા ૨૦૦૮માં શું શીખામણ આપે ?

s આંખે હાથ રાખનારો : ચલો હવે એકતા કપુર બ્રાન્ડ સીરીયલો શરુ થાય છે.

- કાને હાથ રાખનારો : ચુંટણીનાં વચન-વાયદાનું મંત્રીનું પ્રવચન શરુ થાય છે.
- મોં પર હાથ રાખનારો : હે દયામય ! ગઇકાલે જ તારું લગ્ન થયું છે.

વ્યંગરંગ

કેન્દ્રમાં અણુકરાર અંગેની સંધીના મામલે જે બખેડો થયો છે તેના અનુસંધાનમાં.....

- ડાબેરીઓ : માડી રે.... હવે તારા ફળીયામાં પગ નહીં મેલું (પણ ટાંટીયા ખેંચીશ)
- અમરસીંહ મુલાયમસીંહ : તુમને પુકારા ઔર હમ ચલે આયે (તેરે દર પે આયે હૈં, ઝોલી ભર કે જાયેંગે)
- મનમોહનસીંહ : યે ક્યા હુઆ ? કબ હુઆ ? કૈસે હુઆ ? સોચો (અંબાણીને ખો આપો 'ખોખા' માટે)
- તકવાદી પક્ષ અપક્ષ, પાટલીબદલુ : અજી, ઐસા મૌકા ફીર કહાં મીલેગા (શૅરબજારમાં ભલે મંદી, અહીં તેજીનો ટકોરો)
- સોમનાથ ચેટરજી : આવાઝ દે કે હમેં ના બુલાઓ, રાજકારણમે ઇતના ના સતાઓ
- કુ. માયાવતી : જહાં મૈં જાતી હું. વહીં ચલે આતે હો, 'ચોરી ચોરી' મેરે ખાતે મેં બતાતે હો.
- ભારતની લાચાર પ્રજા : મુઝે તુમસે કુછ ના ચાહીયે, મુઝે મેરે હાલ પે છોડ દો.

- **રસીલા દીલીપ શાહ**- અમદાવાદ

આગાહીકારોને નાથવા જાથાની અપીલ

જાથાની રાજકોટ કચેરી તરફથી જણાવવામાં આવ્યા મુજબ વરસાદની આગાહી કરનારા બોગસ આગાહીકારોની ધરપકડ કરવાની માગણી કરવામાં આવી છે. આ માટે ગુજરાતના લગભગ એકસો નગરોમાં અભીયાન ચલાવવામાં આવ્યું હતું. આ અભીયાનમાં પત્રીકા વીતરણ. પોસ્ટર પ્રદર્શન, આગાહીઓની જાહેર હોળી અને આગાહીકારોના મગજનું પ્રતીક ઑપરેશન જેવી ચળવળ ચલાવવામાં આવી હતી. ઉપરાંત પરીસંવાદો યોજીને આવા વર્તારા બંધ કરાવવા રાજ્ય સરકાર પાસે માગણી કરી હતી.

રાજ્ય ચેરમૅન જયંત પંડ્યાએ કહ્યું હતું, ''રાજ્યના ૪૦ ટકા વીસ્તારમાં વાવણી થઇ નથી. કચ્છના મોટા ભાગના વીસ્તારમાં ટીપુંય પાણી પડ્યું નથી. ખેડુતો ચીંતામગ્ન છે અને પાછોતરા વરસાદ પર મીટ માંડીને બેઠા છે. આગાહીકારોએ ૨૦ જુન સુધીમાં રાજ્યના તમામ ડેમો, નદી-નાળાં અને ચેકડેમો છલકી જશે તેવી આગાહી કરી હતી.''

મૃત્યુ અંગેની સમજણ

નાસીક-ઉમા સેવા મંડળના ઉપક્રમે જાથાનો 'ચમત્કારોથી ચેતો' કાર્યક્રમ સંપન્ન થયો હતો. મહાનુભાવોની ઉપસ્થીતીમાં મૃત્યુ અંગેની સમજણ આપતાં જણાવાયું હતું કે માનવશરીર અનેક જીવંત કોશોનો સમુહ છે, જે લોહીનું

ભ્રમણ અટકતાં કાર્ય કરતું બંધ થાય છે. પુર્વજન્મ કે પુનર્જન્મનો આથી પ્રશ્ન જ ઉભો થતો નથી. મૃત્યુ પછીના તમામ કર્મકાંડો મીથ્યા છે.

પાટીદાર સમાજની બહોળી હાજરીવાળા આ કાર્યક્રમમાં શાળામાં અભ્યાસ કરતી વીદ્યાર્થીનીઓને કોઇપણ જાતનાં વ્રત, જપ-તપથી દુર રહેવા સમજાવવામાં આવ્યું હતું. કમળાના રોગનીવારણ માટે કમળાની માળા પહેરાવવાની વીધીને પણ બોગસ ઠરાવવામાં આવી હતી.

સાંઇ પુજારીના ગોરખધંધા

રાજકોટના સરદારનગરમાં આવેલા સાંઇ મંદીરના બની બેઠેલા પુજારી બચુ અદા ઉર્ફે બચુ હીરજી ઉઘાડના પ્રપંચો જાથાએ પોલીસ કમીશનરના સહયોગથી ખુલ્લા પાડ્યા હોવાનું જણાવવામાં આવે છે.

આ પ્રપંચી પુજારી અગાઉ પાન-બીડીનો ધંધો કરતો હતો. પણ તેના કરતાં તેને સાંઇના ફોટા, તાવીજ, સીડી, કંઠી, પુસ્તકો, સાંઇયાત્રા વગેરેના ધંધામાં જંગી કમાણી દેખાઇ હતી અને તેમાં એ સફળ થયો હતો.

આ પુજારીએ એકાદ હજાર મહીલાઓ સાથે અડપલાં કર્યાં હોવાનું બહાર આવ્યું હતું. તેની હવસખોરીએ અનેક મહીલાઓનાં જીવન બરબાદ કર્યાંનો પણ વર્તારો હતો. ખાસ કરીને સાંઇના આદેશ મુજબ એ મહીલાઓનાં બ્લાઉઝનાં બટન ખોલાવીને રોગનીવારણ અર્થે મર્દન કરતો હતો અને રોગ ચુસી લેવાના બહાને મહીલાઓનાં સ્તન પણ ચુસતો હતો. પોલીસે તેની ધરપકડ કરી છે.

મંતવ્ય ગાંધી અને રેશનાલીઝમની શોધ 'સત્ય' જ છે

૭૫મો અંક વૈવીધ્યપુર્ણ રહ્યો. રમુજપ્રેરક લખાણો વાંચીને વીશેશ આનંદ. રેશનીલીસ્ટો માટે એવું મનાય છે કે તેમનામાં રમુજવૃત્તીનો અભાવ હોય છે-એ લોકો ગંભીર પ્રકારના જ હોય. વીવેકપંથી આ છાપ દુર કરે છે.

હર્શાબહેને ગાંધીજીના રેશનાલીઝમ વીશેની ચર્ચા આગળ વધારી છે. ગાંધીજીની શોધ અને રેશનાલીઝમની શોધ અંતે તો 'સત્ય' છે. ત્યાં બન્ને એકબીજાને મળે છે. પરંપરાગત અર્થમાં ગાંધીજી ધાર્મીક ન હતા. ધાર્મીક માન્યતાઓને તેઓ બુદ્ધી અને માનવગરીમા જેવા માનવવાદી મુલ્યોની કસોટીએ કસતા. તેમનો અસ્પૃશ્યતાનો વીરોધ અને 'સર્વોદય'નો આરંભ 'અંત્યોદય'થી થવો જોઇએ એમ તેઓ માનતા. બીજું ગાંધી આજીવન લડવૈયા રહ્યા છે. તેમની લડાઇ એકીસાથે ત્રણ સ્તરોએ ચાલતી રહી છે. 'સ્વ' સાથે, જે સમાજના તેઓ ભાગ હતા, તે તે વખતના દેશના સમાજ સાથે અને બ્રીટીશ સરકાર સાથે. એ ગીતાના અભ્યાસી હતા. તેમણે પોતાની રીતે તેનું અર્થઘટન કર્યું અને ઉપરની ત્રણે સ્તરોએ ચાલતી લડાઇ માટે જરુરી બળ મેળવ્યું.

'વીવેકપંથી ઑપન ફોરમ કે ક્લોઝ્ડ ફોરમ ?' ચર્ચા તંત્રીએ આગળ વધારી છે. કોઇપણ 'ફોરમ' કે 'સીસ્ટમ'ને ક્લોઝ્ડ રાખીએ તો બંધીયાર થઇ જઇએ. 'બંધીયાર માનસ' રેશનાલીઝમ સાથે સુસંગત નથી એવું મારું માનવું છે. જુદો (અથવા આપણા વીરોધી) મત ધરાવનારાઓના વીચારોનું આકલન અને ખંડન કરવાની આપણી ક્ષમતા હોવી જોઇએ. જ્યાં સુધી વીચારો કે માન્યતાને પડકાર થતો નથી, ત્યાં સુધી આપણા વીચારો કે માન્યતાઓમાં વધુ સ્પશ્ટતા, વધુ ધાર આવતી નથી.

'વીવેકપંથી'માં બને ત્યાં સુધી વૈયક્તીક ખંડન-મંડનને સ્થાન ન હોવું જોઇએ, એમ હું માનું છુ. એનાથી બીનજરુરી કડવાશ અને રાગદ્વેશ ઉભા થાય છે. રેશનાલીઝમમાં વધતા-ઓછા પ્રમાણમાં માનનારાઓએ એકબીજાને કે પોતાને રેશનાલીસ્ટ હોવા ના હોવાના પ્રમાણપત્રો આપવાથી દુર રહેવું જોઇએ. એનાથી આપણો કોઇ હેતુ સરતો હોય તેમ મને લાગતું નથી. રેશનાલીઝમ અને તેના આચરણ વીશે ઘણું બધું

લખી શકાય તેમ છે. એના પર વધુ ધ્યાન કેન્દ્રીત થાય તો વધારે સારું. **-દીનેશ શુક્લ**

૨૭, મીથીલા સોસાયટી,આંબાવાડી, અમદાવાદ-૧૫.

ગાંધીના રેશનલ વીચારોનો ગ્રંથ બની શકે, પણ...

૭૫મા અંકમાં મુ. લક્ષ્મીદાસ ખટાઉ લખે છે કે ''રેશનાલીસ્ટો અને ગુણવંત શાહના વીચારોમાં અલ્પ પ્રમાણમાં સમાનતા છે, તો વધુ પ્રમાણમાં અસમાનતા છે. પણ તેથી શું તેમના રેશનાલીઝમ નજીકના વીચારોને પણ સ્થાન ના આપવું ?''

ગુજરાતી સાહીત્યમાં માર્મીક છપ્પાના રચનાકાર કવી અખાથી લઇ આજકાલના લોકપ્રીય કટાર-લેખકો સુધીમાં એવા અનેક લેખકો તેમ જ ચીંતકો થયા છે કે જેમના વીચારો અલ્પ પ્રમાણથી પ્રચુર પ્રમાણ સુધી રેશનાલીઝમને અનુકુળ હોય. દા.ત. વીશ્વવંદ્ય વીભુતી મહાત્મા ગાંધીના ૧૦૦ (એક સો)થી વધુ ગ્રંથોમાં વીસ્તરેલા અક્ષરદેહમાંથી રેશનાલીઝમને અનુકુળ એવા વીચારોનો એક દળદાર ગ્રંથ સુલભ બનાવી શકાય. અલબત્ત, ચુસ્ત રેશનાલીસ્ટ ના હોય છતાં ગાંધીજી જેવી કેટલીક વીરલ વીભુતીઓએ માનવજાત ઉપર અનેક ઉપકાર કર્યા છે અને તે બદલ રેશનાલીસ્ટો પણ તેમના રુણી છે જ.

છતાં રેશનાલીઝમના પ્રચાર માટે પ્રતીબધ્ધ (Committed) 'વીવેકપંથી' જેવા સામયીકે પોતાના મુખ્ય ધ્યેયથી ચલીત ન થવું જાઇએ. મુલ્ય વીચારોનું છે; નહીં કે વ્યક્તીના મોભા કે લોકપ્રીયતાનું : વીચારોનું મુલ્યાંકન વીવેકબુદ્ધી (રેશનાલીઝમ)ની કસોટીથી એટલે કે વૈજ્ઞાનીક પદ્ધતી અને તર્કથી થવું જોઇએ. વીચારોની સચ્ચાઇ લોકમત (Opinion Poll)થી કે લોકપ્રીયતાથી નક્કી કરી શકાય નહીં. રેશનાલીસ્ટે ગુરુઓ અને ગ્રંથોનું મુલ્યાંકન નીર્ભયપણે અને સત્યનીશ્ઠાપુર્વક કરવું જોઇએ.

ગુણવંત શાહ અનેક ગ્રંથોના સર્જક એવા એક મોટા ગજાના સાહીત્યકાર છે; તદુપરાંત વીવીધ સમાચાર પત્રો અને સામયીકોમાં પ્રગટ થતી તેમની કટારો મારફત પણ તેઓ ઘણા લોકપ્રીય થયા છે. તેમના રાજકારણીય લખાણોમાં તેમની એક હીન્દુત્વવાદી ચીંતક તરીકેની છાપ ઉપસી આવે છે.

ખેર ! હાલ પુરતું તો ગુણવંતભાઇના ચીંતન અને લેખનશૈલીની માત્ર આ એક ઝલકથી જ સંતોષ માનવો પડશે. શનીવાર તા. ૧૭મી મે, ૨૦૦૮ના 'મીડ ડે'માં પ્રગટ થતી તેમની લોકપ્રીય કટાર 'આજની ઇ-મેલ'માં છપાયેલ લેખ 'કૃપાનુભુતી ઇશ્વરાનુભુતીની પ્રસ્તાવના'માંથી આ ઝલક આપણે જોઇએ. તેઓ લખે છે કે 'રોજેરોજ બનતી નાનીમોટી અનુકુળ કે પ્રતીકુળ ઘટનાઓમાં ઉપરવાળાની કૃપાનો અનુભવ કરવો એ જેવી તેવી સંપ્રાપ્તી નથી' 'કશીક ઘટના બને ત્યારે બુદ્ધીપુર્વક તર્કશુદ્ધ રીતે વીચારી શકાય છે' તે ઉપરવાળાની કૃપાથી સ્તો ! વધુ, 'પ્રતીક્ષણ માલીકના અનંત ઉપકાર હેઠળ હોવાની અનુભુતી ભક્તની સાચી અમીરાત છે' લેખમાં આગળ લખે છે કે, 'આપણે આભાર ના માનીએ એમાં ઇશ્વરનું કશું જ બગડતું નથી. તેની કૃપા તો નાસ્તીક ઉપર પણ વરસતી જ રહે છે.' 'નાસ્તીક મનુશ્ય માને છે કે પોતાની બુદ્ધીમાં ન સમાય એવી બાબતનો સ્વીકાર ન થઇ શકે. સતત વહેતા કૃપાના ધોધ નીચે કોરા ને કોરા રહી જવું એ ખોટનો ધંધો છે. કૃપાના એ ધોધની નીચે પ્રાર્થનામય ચીત્તે ઉભા રહીને પલળવું એજ ભક્તી છે. અવ્યભીચારીણી ભક્તી પ્રાપ્ત થવી એ પણ પ્રભુકૃપા છે. કયારેક એવું બને કે ઇશ્વરનો સાક્ષાત્કાર ન થાય તો પણ એની કૃપાની અનુભુતી સતત થતી રહે છે.' (નાસ્તીકો, સાંભળો છો ?)

જન્મથી મરણ સુધી મનુશ્યને મળતાં પ્રકાશ, પ્રાણવાયુ, પાણી અને પોશણ, મનુશ્યની જ્ઞાનેન્દ્રીઓની શકતી, લાગણીઓ, બુદ્ધી, તર્કશક્તી અને ટુંકમાં સમગ્ર સૃશ્ટીનું અસ્તીત્વ અને સંચાલન એ તમામ ઉપરવાળાની કૃપાનું જ પરીણામ છે. આખો લેખ ગદ્યમાં લખાયેલ મનોરંજક ભક્તીકાવ્ય (ભજન) છે.

હવે આપણે ગુણવંત શાહની આંગળી પકડી તેમને દોરેલા પ્રભુકૃપાના માર્ગે ચાલીએ તો ઘણી ગુઢ વાતો વીશે પલકવારમાં આપણા મગજમાં ટ્યુબલાઇટ ઝબકે છે. દા.ત. ભેંસનો રંગ કાળો છતાં તેનું દુધ ધોળું કેમ ? ઉપરવાળાની કૃપાથી વળી. ગાય લીલું ઘાસ ખાય છે છતાં તેનું દુધ પણ ધોળું એમ કેમ ? ઉપરવાળાની કૃપાથી સ્તો.

પરંતુ ઉપરવાળાની અસીમ કૃપા માત્ર અહીં જ સમાપ્ત થતી હોય તેવું આ જગતમાં કંઇ દેખાતું નથી. સર્વશક્તીમાન કૃપાનીધી, કરુણાસાગર એવા ઇશ્વરની અપરંપાર કૃપાનો વ્યાપ સર્વત્ર અસીમીત વર્તાય છે.

બેકારી, મોંઘવારી, ભુખ, ભય, ભ્રશ્ટાચાર, ભ્રૂણહત્યા, બળાત્કાર, અત્યાચાર, આત્મહત્યા, આતંકવાદ, ખુનામરકી, શોશક-શાસક વર્ગના બેફામ તાગડધીન્ના, સાધુનામ વેશધારી શેતાનો અને માતાજીઓની સપ્ત-તારક રંગરેલીયાં એ તમામ પણ ઉપરવાળાની કૃપાની પ્રસાદી જ ને ? આ અસીમ કૃપાના ધોધમાં તરબોળ થવું એ કંઇ જેવી તેવી સમ્પ્રાપ્તી નથી.

'ભક્ત તે છે જેને બધી ઘટનાઓમાં ઇશ્વરની કૃપાનાં જ દર્શન થાય છે. કશુંક અનીચ્છનીય બને એમાં પણ ભગવદ્ કૃપા નીહાળે તેનું જ નામ ભક્ત.' 'જે થાય છે તે સારા માટે જ થાય છે' એવી લોકમાન્યતાનું મુળ એ આ ભગવદ્ કૃપા,

વેદાન્તવાદીઓ જગત અને સંસારને બ્રહ્મની માયા કે ઇશ્વરની લીલા તરીકે ઓળખાવે છે. ગુણવંત શાહના સૌજન્યથી આ માયા અને લીલા ઇશ્વરની અસીમ કૃપા તરીકે આપણા ઉપર ધોધમાર વરસી રહી છે; છતાં આપણે નાસ્તીકો કોરા ને કોરા ! **- લલીત નગરશેઠ**

૬૭/૭, ન્યુ પીરામલ નગર, ગોરેગામ, મુંબઇ-૬૨

'ક્લોઝ' થઇ જવું હોય તો જ 'ક્લોઝ્ડ ફોરમ' કામનું

કોઇપણ સામયીક કે પત્ર એક ચોક્કસ વીચારધારા પર ચાલતું હોય છે અને આપણું 'વીવેકપંથી' પણ ચોક્કસ વીચારધારાને વરેલું છે. પણ તેનો અર્થ એવો નહીં, કે વીરોધી વાતને સ્થાન જ ના આપવું.

'વીવેકપંથી' જે શૈલીના વીચારો અને સાહીત્ય પીરસે છે તેના કારણે મારા દવાખાનેથી ચુસ્ત ધાર્મીક લોકો પણ વાંચવા લઇ જાય છે. એક અંક પાંચેક જણ તો વાંચવા લઇ જ જાય છે. આમાં એક આશા જરુર જન્મે કે આજ નહીં તો કાલે એ લોકો વીચારતા થશે. કવચીત કોઇ ધર્મપંથી મારી પાસેથી રેશનાલીઝમ સમજવાનો પણ પ્રયત્ન કરતા હોય છે અને તે પરીણામ છે 'વીવેકપંથી'ના વાચનનું.

આપણું મન ખુલ્લું હોય તો જ આમ બની શકે. વીરોધી વીચારને વીવેકપુર્ણ સ્થાન આપવું એ મારી દૃશ્ટીએ રેશનાલીઝમનું જ એક લક્ષણ છે. વીવેકપંથી કહો કે રેશનાલીસ્ટ કહો-એનામાં ખેલદીલી તો હોવી જ જોઇએ.

જો ક્લોઝ્ડ ફોરમ બનીને મુક્ત વીચારોને સ્થાન આપવાનું બંધ કરશો તો ક્રમે ક્રમે પ્રકાશન જ બંધ થઇ જશે. એકના એક ઢોલ પીટવાથી કે કેવળ ઇશ્વર અને ધર્મની વીરુદ્ધની જ વાતો કર્યે રાખવાથી તો લોકો કંટાળે અને આઘા ભાગે.

'ઓપન ફોરમ' આપણા વીચારોને 'ઓપન' રાખવા માટે અત્યંત જરુરી છે. કૃપા કરીને કટ્ટરપંથી કે કંઠીબદ્ધ ના બનશો. વીરોધી વીચાર પચાવી ના શકે તેનો માનસીક વીકાસ રુંધાય છે. બૌદ્ધીકતા પણ એની ઘટે છે. માટે એ રસ્તે જવા જેવું તો નથી જ.

- ડૉ. સુધાકર હાથી

લોહાર શાળ, સેન્ટ્રલ બૅન્ક રોડ, જામનગર-૧

રાજ્યતંત્ર અને અખબારો અંધશ્રદ્ધા ફેલાવવાથી દુર રહે તોય ઘણું છે

વરસાદ ખેંચાયાના સમયે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ એવું વીધાન કર્યું કે કેન્દ્ર સરકારે કાશ્મીરમાં અમરનાથ જમીન અને રામસેતુના પ્રશ્ને ભગવાનને નારાજ કરેલ હોવાથી વરસાદ આવતો નથી. આ વીજ્ઞાનયુગમાં હવે નાનું છોકરું પણ જાણે છે કે કયાં પરીબળોના આધારે વરસાદ આવે છે, નથી આવતો, અતીવૃશ્ટી થાય છે, વગેરે. મોદી પોતે વીજ્ઞાન-ટેકનૉલૉજીનો સતત ઉપયોગ કરતા રહે છે. અઠવાડીયા અગાઉ જ સરકારે કૃત્રીમ વરસાદનો પ્રયોગ હાથ ધરવા જાહેરાત કરી હતી.

સુરતમાં ઉપરાછાપરી અનેક જીવતા બૉમ્બ પકડાયા તેમાં એક બૉમ્બ સાથે ગણેશમુર્તી હોવાથી 'દીવ્ય ભાસ્કર.'ના તા. ૩૦-૭ના અંકમાં છાપ્યું કે ગણેશે સુરતને બચાવ્યું. સુરતમાં ૩ વર્શ અગાઉ ભયંકર પુરનાં પાણીએ સળંગ ૩-૪ દીવસ રહીને તબાહી સર્જી હતી. લગભગ દરેક હીન્દુના ઘરમાં ગણેશમુર્તી હોય છે. તે સમયે સુરતમાં ખાનાખરાબી કેમ ગણેશે રોકી નહી ? કચ્છ ભુકંપમાં આશરે ૩૦ હજાર જીવતા માણસો અચાનક મોતને શરણ થયા. ગણેશમુર્તીવાળા હજારો મકાનો ભંગાર થઇને તુટ્યાં અને હજારો માણસો દટાઇ મુઆ. તેમને ગણેશે કેમ બચાવ્યા નહી ? પ્રજા પોતે જ વીચારે અને આવા ગતકડાંઓને નકારે તે સૌના હીતમાં છે.

તો બાળકો કમોતે મર્યાં જ ના હોત

આસારામ બાપુના મોટેરા આશ્રમમાં બે નીર્દોશ સગીર બાળકોનાં થયેલ અપમૃત્યુ બાબતે ઘણો હોબાળો થયો છે. વીવીધ અખબારો આશ્રમનાં કૌભાંડો પ્રગટ

કરતાં જઇને બળતામાં ઘી હોમે છે.

પ્રજા-માનસમાંથી આ રીતે અંધશ્રદ્ધા દુર કરવાનો પ્રયત્ન અખબારો કરે એ સારી વાત છે, પરંતુ તા. ૧૩મી જુલાઇના 'દીવ્ય ભાસ્કર'માં બેવડું વલણ જણાઇ આવે છે. એક તરફ આટઆટલી લીલાઓ છતાં લોકો સુધરતા નથી એ અંગેનો લેખ પ્રગટ કર્યો છે, તો છેલ્લા પાને બાળકોનાં અપમૃત્યુ બાબતે કડી હાથ લાગવા માટે P.S.I. પત્નીએ બાધા રાખી હોવાના સમાચાર છાપ્યા છે.

જો બાધાથી સમસ્યા ઉકેલી શકાઇ હોત તો બાળકો કમોતે મર્યાં જ ના હોત. વીજ્ઞાન ટેકનૉલૉજીના આ યુગમાં અખબારોએ આવા અંધશ્રદ્ધાયુક્ત સમાચારો પ્રગટ કરીને અંધશ્રદ્ધાને ઉત્તેજીત કરવાનું ટાળવું જોઇએ.

ઉપરોક્ત સમાચાર બાબત દી.ભા.ના તંત્રીને પત્ર લખીને ગુ. મુ. રે. ઍસો.એ વીરોધ નોંધાવ્યો છે.

- અશ્વીન કારીઆ

પ્રમુખ ગુ. મુ. રે. ઍસો.

શ્રી આંગન ફ્લૅટ્સ, વસ્ત્રાપુર વીલેજ પાછળ, અમદાવાદ-૧૫

રેશનાલીસ્ટો વચ્ચે સંવાદીતા હોવી ઘટે

ગુજરાત-મુંબઇ રેશનાલીસ્ટ ઍસોસીયેશનના નેજા હેઠળ સૌરાશ્ટ્રના અને ગુજરાત-મુંબઇના તમામ રેશનાલીસ્ટોએ એકજુટ થઇ સંપીને સાથે કામ કરવાની જરુર જણાઇ રહી છે, નહીં કે અંદરઅંદરની ખેંચતાણ કરવાની. એકમેકને કે પોતાને રેશનાલીસ્ટ હોવાનાં પ્રમાણો આપવા કરતાં રેશનાલીઝમને આગળ વધારવા પર ધ્યાન કેન્દ્રીત કરવું જોઇએ.

રેશનાલીસ્ટ હંમેશાં આનંદી હોય. અન્યનાં આંસુ લુછનારો હોય, કરુણા, પ્રેમ, સહકાર અને માનવતા તેનાં મુળ લક્ષણો હોય. વ્યક્તીગત અહમ્ રેશનાલીસ્ટનો ગુણ નથી જ.

આપણા માટે આત્મમંથનનો આ સમય છે. આપણે ક્યાં જઇને ઉભા છીએ તે તપાસવાની તાતી જરુર છે. અન્યને દીશા દાખવનારા આપણે પોતે તો દીશા ચુકતા નથી ને ! **- રવી પટેલ 'રવીરાજ'**

પ્રણામી સ્ટુડીઓ. 'ઓશો', બેડીપરા. રાજકોટ-૩

વધુ કાળજી જરુરી

'વીવેકપંથી'માં 'ખાતરી'ને બદલે 'ખાત્રી' અને 'શ'ને બદલે 'સ' છપાય છે તે તે ખુંચે છે.

પહેલા પાના પરના 'વ્યંગ્ય'માં નીચે પ્રમાણોના હકીકતદોશ છે.

ગાંધીજીએ ન્યાયના દાવે પાકીસ્તાનને તેના ભાગના રુ. ૫૫ કરોડ (૧૫ કરોડ નહી) આપવાનો આગ્રહ સેવેલો તે 'ભાગલા ટાણે' નહીં, પણ ભાગલા પછી. પણ તેટલા માત્રથી ગાંધીએ જીવ ખોયો નહોતો. ગાંધીની હત્યાના છ વાર પ્રયાસ થયેલા, તેમાં ચાર વાર નથુરામ ગોડસે પણ ભળેલો હતો. નારાયણ દેસાઇની ગાંધીકથાના છેલ્લા દીવસે આ મુદ્દો વીશદ્‌તાથી વર્ણવાય છે. ગાંધીજી માટે 'પોતડીપતી' શબ્દ પણ ખુંચ્યો.

હર્શા બાડકર તંત્રીની દીકરી છે ? સગી?

- જગદીશ શાહ

વીનોબા આશ્રમ, ગોત્રી, વડોદરા-૨૧.

(**તંત્રી નોંધ :** જગદીશ શાહના આભાર સાથે હવે પછીથી 'ખાત્રી' ક્યારેય નહીં વપરાય તેની ખાતરી આપું છું. 'શ'ના સ્થાને 'સ' જ્યાં પણ વપરાયેલો જણાય ત્યાં ધ્યાન દોરવા વીનંતી. મારી ભાશાની એ ખામી હોઇ શકે છે.

લખતી વખતે પંદર કરોડ કે પંચાવન કરોડની દ્વીધા તો હતી જ, પણ તુલનામાં પંદરનું જોખમ લેવાનું જ પસંદ કર્યું. ગાંધી કરકસરીયા ખરા ને!

'પોતડીપતી' લખતી વખતે 'પોતડીધારી' શબ્દ હૈયે ના ચડ્યો એટલું જ. આમેય વ્યંગ તો કેટલીક વાજબી છુટછાટ લેવાથી જ જામે ને !

એકંદર ગતાંકનો પહેલા પાનાનો વ્યંગ અને અગીયારમા પાનાનો અગ્રલેખ એક સાથે વીચારવાથી એટલું તો સમજાઇ જ જવું જોઇએ કે બન્નેનો સંયુક્ત ઉદ્દેશ આપણી ગતી કઇ દીશાની છે તે દર્શાવવાનો જ હતો.

જી હા, હર્શા મારી અને વીણાની સગી પુત્રી છે અને તેય એકની એક.)

ગતાંકના ડૉ. અશ્વીન શાહના પત્રનો કાન્તી ભટ્ટે આપેલો જવાબ આવતા અંકે. એમણે ચાર્વાક અંગે ભગવદ્ ગોમંડળમાંથી તારવેલી અધીકૃત માહીતી પણ મોકલી છે.

આધ્યાત્મવાદી વ્યક્તીઓ આત્મગૌરવ વીહોણી, અન્ય દ્વારા હંકારાતી જમાત છે; જેમાં માનવપણાને કે માનવગૌરવને કોઇ સ્થાન નથીઃ જો ખરેખર આપણે એક માનવી તરીકેના ગૌરવથી જીવવું હોય તો કોઇનાય વીચાર કે મત સમક્ષ શરણાગતી સ્વીકાર્યા વીના જ આપણી વીવેકશક્તીને આધારે જીવન ઘડવું જોઇએ. **- રમણ પાઠક**

('મધુપર્ક' પાનું-૩૩)

વીચીત્ર વૃતાંત

આસારામ કે નીરાશારામ ?

- આસારામના પુત્ર નારાયણ સાંઇના એક સમયના મદદનીશે આક્ષેપ કર્યા પ્રમાણે આસારામના આશ્રમમાં તાંત્રીક વીધીઓ પણ થાય છે.
- નારાયણ સાંઇ પોતાને ભગવાન અને મહાપ્રભુ કહેવડાવે છે અને કાયમ જમીનોના અને મંત્ર-તંત્રના વીવાદમાં રહ્યા છે.
- દીપેશ-અભીશેકના રહસ્યમય મૃત્યુ પાછળ તાંત્રીકવીધીનો સંકેત મળે છે.
- ઘટસ્ફોટ એવો પણ કરવામાં આવ્યો છે કે સંતાનપ્રાપ્તી માટે આસારામ પોતે મોંઘા દામે તાંત્રીકવીધી કરાવી આપે છે.
- ૧૭થી ૨૫ વર્શની યુવતીઓને ગોપીરુપે આસારામને ભજવા કહેવાતું હતું. તેમની પુત્રી ભારતી જ તેવી યુવતીને આસારામની કુટીરમાં લાવતી હતી, જેના પર બેટરીનો પ્રકાશ પાડીને પસંદગી ઢોળાતી હતી.
- પોરબંદર રાણાવાવ-ભોરાસર સીમમાં ખોડીયાર મંદીરના મેદાનમાં ધરતી ફાટશે અને પોતે અંદર સમાઇ જશે તેવી વાત બ્રાહ્મણ ગોમતીબેન ધુપેલીયાએ ફેલાવતાં લોકો તેના દર્શને ઉમટી પડ્યા હતા, તે ત્યાં સુધી કે પોલીસે લાઠીચાર્જ કરવો પડ્યો હતો.
- ૮મી ઑગસ્ટે વીમાનમાં બેસશે તો વીમાન તુટી પડશે તેવી જ્યોતીશીની આગાહીના કારણે અભીનેતા ગોવીંદાએ તે દીવસે વીમાનપ્રવાસ ટાળ્યો હતો.
- મક્કર વીલાક્કુ એટલે સાબરીમાલાની ટેકરીઓ પર આદીવાસીઓ દ્વારા કરવામાં આવતા દીવા અને મક્કર જ્યોતી એટલે દીવ્ય તારો. કેરળના સાબરીમાલા મંદીરમાં જોવા મળતી મક્કર વીલાક્કુ દૈવી ના હોતાં માનવસર્જીત છે તેવો વીવાદ ફેલાયો છે.
- ઇન્ડીયા ટીવીએ સમાચારમાં બતાવ્યું કે કોઇ અન્ય ગ્રહનો વાસી ધરતી પર ઉતરીને ખેડુતોની ગાયોને ઉપાડી જાય છે.
- આનંદો ! હવે તીરુપતીમાં હાઇટેક્નીકથી રોજના પ્રસાદના બે લાખ લાડુ બનશે, પાઇપલાઇનથી ઘી આવશે, લાડુ એલ્યુમીનીયમ ફોઇલ્સમાં પૅક થશે. આ બધું રુપીયા પંદર કરોડના ખર્ચે તૈયાર થયેલ કન્વેયર બેલ્ટથી થશે.
- તીરુપતી મંદીરના રોજના લાખો દર્શનાર્થીઓની સુવીધા અર્થે તીરુમાલામાં અસંખ્ય આલીશાન હોટલો ખુલી ગઇ છે. આવી કેટલીક હોટલોમાં દર્શનાર્થીઓની સેવા અર્થે સેક્સ વર્કર્સ (વેશ્યાઓ) પુરી પાડવાની વ્યવસ્થા પણ છે.
- વસઇ (મુંબઇ)ની સેશન્સ કોર્ટે વીજ્યા મંગેલા અને અનીતા મહેરને આજીવન કેદ અને પ્રત્યેકને રુ. ૧૫ હજારનો દંડ ફટકાર્યો છે. આ બન્નેએ ૨૦૦૬માં ૧૫ વર્શની એક કુમારીકાની આહુતી આપ્યાનું પુરવાર થયું છે. એક બાળકને ઓરી નીકળતાં તેને ડૉક્ટર પાસે લઇ જવાના બદલે આ રીતની તાંત્રીક વીધી કરવામાં આવી હતી.
- વીરાર (મુંબઇ)નું જીવદાની માતાનું મંદીર તાંત્રીકોનું ધામ બની રહ્યું હતું. જે પુર્વ નગરપતી તથા એડવોકેટ ચંદનસીંહ સોલંકીના પ્રયાસથી બંધ થયું છે, અહીં પશુબલી પણ અપાતો હતો.
- જેનો ખગોળીય જ્ઞાનથી આનંદ લેવો જોઇએ. તેવા તા. ૧૦-૧૧ જુલાઇએ થનારા મંગળ અને શનીના મીલનથી સર્જાનારી વીપરીતતાની અગાહીઓ જ્યોતીશીઓએ કરી હતી જે બોગસ પુરવાર થઇ છે.
- ૮૦ ટકા અમેરીકનો જાદુઇ તત્ત્વ અને ચમત્કારોમાં માને છે.
- મધર ટેરેસા પ્રત્યે શ્રદ્ધા વધારવા માટે કોલકાતામાં એવો પ્રચાર કરવા માટે એક મહીલાને તૈયાર કરવામાં આવી, જેણે જાહેરાત કરી કે મધરના ચમત્કારથી તેનો કૅન્સર મટ્યો છે. પણ પછીથી તબીબી પરીક્ષણમાં બહાર આવ્યું કે બાઇને કૅન્સર હતું જ નહીં.

(વધુ આવતા અંકે)

સંપાદકના દાદા ૧૦૮ વર્શ જીવ્યા

જેઓ ત્રીજી પેઢીએ વકીલ છે તેવા આ વીભાગના યુવાન સંપાદક જયદેવ ત્રીવેદીના વકીલ દાદા કાંતીલાલ ત્રીવેદી તા. ૨૭મી જુલાઇએ ૧૦૮ વર્શનું આયુશ્ય ભોગવીને અવસાન પામ્યા. આમાં સમાચાર ખરેખર અવસાન નહીં, પણ ૧૦૮ વર્શ જીવ્યા તે જ ગણાય. આ પ્રસંગે પરીવારને કર્મકાંડી બ્રાહ્મણની નફાખોરીનો જે પરીચય થયો તે દુખદ છે. - તંત્રી

ચમકારો

દુર્ગાપુજાના હક અમેરીકી કંપનીને વેચાયા

કોલકાતામાં અગ્રણી પુજા કમીટીએ દુર્ગાપુજા મહોત્સવની ઉજવણીના હકો અમેરીકી કંપનીને વેચી દુર્ગાપુજાનું વ્યાપારીકરણ કરી દીધું.

દક્ષીણ કોલકાતામાં યોજાનારી આગામી બદામતલા અશર સંઘ પુજાનો સંપુર્ણ ખર્ચ અમેરીકી કંપની 'મીડીયા મોર્ફોસીસ' ઉઠાવશે અને આ કંપની દુર્ગાપુજા મીડીયા અને ઇન્ટરનેટ પર પ્રમોટ કરશે.

અમેરીકી કંપનીને પુજાના હકો વેચી સમીતીએ તમામ વહીવટમાંથી હાથ ખંખેરી દીધા છે.

અમેરીકાસ્થીત કંપનીના પ્રવક્તાએ જણાવ્યું હતું કે તેઓ સમગ્ર વીશ્વમાં વસતા ભારતીયોમાં દુર્ગાપુજા પ્રચલીત કરવા માગે છે. **[તા. ૯મી ઑગસ્ટના અખબારી સમાચાર]**

એક બીનઅધીકૃત અહેવાલ પ્રમાણે દુર્ગા સીવાયના તમામ દેવી-દેવતાઓ એક મહાસંમેલન યોજીને સર્વાનુમતી વીરોધ નોંધાવવાના છે. જાણવા મળ્યા પ્રમાણે એમનો વીરોધ પુજાના વ્યાપારીકરણ સામે નથી, પણ તેમાં ઉપસી આવેલા ભેદભાવ સામે છે. 'માત્ર દુર્ગા જ શા માટે ? અમે દેખાતા નથી ?'

''કહો જોઇએ; આદમ અને ઇવ કયા દેશનાં હતાં ?''

''અલબત્ત, ભારતનાં જ.''

''શાબ્બાશ. પણ તમે એ શાના પરથી કહી શકો ?''

''રહેવા ઘર નહોતું, પહેરવા કપડાં નહોતાં, ખાવા ધાન નહોતું તોય 'સર્જન' કર્યું એટલે કર્યું.''

i i i

''શંકર પાછો જેલમાંથી છુટીને ઘેર આવી ગયો છે.''

''હાળો ક્યાંય ટકે એવો નથી.''

i i i

રાતના એક વાગ્યે ટેલીફોનની ઘંટડી વાગતાં પ્રોફેસરે જાગીને ફોન ઉપાડ્યો. સામેથી પાડોશણનો અવાજ આવ્યો, ''તમારો કુતરો ભસ ભસ કરે છે અને અમારી નીંદર બગાડે છે. એને ચુપ કરો, નહીં તો અમે ફરીયાદ કરીશું.''

ચીંતામાં પ્રોફેસરની રાત બગડી. ચોવીસ કલાક પછી યાદ આવતાં એમણે પાડોશણને રાત્રે એક વાગ્યે ફોન જોડ્યો. ''માફ કરજો બહેન, પણ મારે ત્યાં કુતરો તો છે જ નહીં.''

i i i

પોલીસ હેડક્વાર્ટરે એક ખતરનાક ગુંડાની અલગ અલગ ઍંગલની સાત તસવીરો મોકલીને સ્થાનીક પોલીસચોકીને સુચના આપી, ''આને જીવતો જ પકડવાનો છે.''

અઠવાડીયા પછી હેડક્વાર્ટરને જવાબ મળ્યો, ''અમારી ચોકીએ છને પકડીને પુરી દીધા છે. સાતમાની તપાસ ચાલુ છે.''

i i i

બીમાર ચેતનાને તપાસવા આવેલા ડૉક્ટરે તેના પતી ચેતનને બહાર લઇ જઇને કહ્યું, ''તમારી પત્નીનો ચહેરો જોઇને હું ઘેરી ચીંતામાં પડી ગયો છું.''

''વીચાર કરો સાહેબ, એ ચહેરો મારે રોજ જોવો પડે છે. મારી શી દશા થતી હશે ?''

PRINTED BOOK

From :
વીવેકપંથી
C/o. Gulab Bheda
2-C/1, Asmita Mogra,
Dutta Jagdamba Marg,
Sher-E-Punjab Colony,
Andheri (East),
Mumbai-400 093

TO